વિષય- ગુજરાતી

ધોરણ-૬

પ્રશ્ન-૧ (અ) મુદ્દાસર જવાબ (ગમે તે ચાર) (08)

1) ચકલીએ શા માટે કકળાટ મચાવી મૂક્યો?

જવાબ- હાથીએ વનમાં આવીને આંબાની એક ડાળીકે જેના પર ચકલીના માળામાં તેનાં ત્રણ ઈંડાં હતાં, તેને ઝૂડી (તોડી) નાખ્યાં હતાં. ચકલીનાં ત્રણેય ઈંડાં ફૂટી જવાથી તેણે કકળાટ મચાવી મૂક્યો.

2) બાવળનું ઝાડ હલતું હતું! કેમ ખબર પડી?

જવાબ- બાવળનું ઝાડ ખરેખર હલતું નહોતું. પવનથી ઝાડનો પડછાયો નદીના પાણીમાં પડતો હતો. નદીના વહેતા પાણીથી બનતા તરંગોથી પ્રતિબિંબ પાણીમાં હલતું હતું.

3) મેઘાણીને કયાં-કયાં ઉપનામ મળ્યાં હતાં?

જવાબ- મેઘાણીને 'પહાડનું બાળક', 'વિલાપી', 'ભણકારા' તેમજ રાષ્ટ્રીય શાયર ઉપનામ મળ્યાં હતાં.

4) ચાયક મનમાં ને મનમાં શા માટે મૂંઝાતો હતો?

જવાબ- ચાયક ની ફોઈએ તેનું નામ શું જોઈને ચાયક પાડ્યું હશે. એ વિચારથી તે મૂંઝાતો હતો. તે વિચારતો કે, ચાયક કેવું ખરાબ નામ છે. ચાયક તે કોઈનું નામ હોતું હશે? માણસનાં કેવાં સુંદર નામ હોય છે! આવું નામ ચાયક! આ તે કંઈ નામ છે!

5) કેહળસંગે બાચકું લેવાની શા માટે ના પાડી હશે?

જવાબ- કેહળસંગ એક દિવસ શેઠ હરખચંદની હાટડીએ ઉધાર લેવા જતા, ત્યારે શેઠ એને હાટડીએથી હેઠે ઉતારી દેતા. આથી જ્યારે શેઠ બે મણનું કપાસિયાનું બાચકું મૂકવા ગયા ત્યારે શેઠને શરમાવવાનો વિચાર કરીને 'ભાઈ જાચ્યા રહેતા નથી' એમ કહીને, કેહળસંગે બાચકું લેવાની ના પાડી હશે.

(બ) વિકલ્પોમાંથી સાચો જવાબ (08)

1) તાપથી (A)
2) ઈશ્વર (B)
3) ઝરણાંનું (C)
4) સિક્યોરીટી પાસ (A)
5) ઝવેરચંદ મેઘાણી (B)
6) ભીમનાથ (C)
7) સૌ કોઈ તેને 'ચાયક' કહીને ટપારતા (A)
8) ઉટાણું કરવા (B)

(ક) યોગ્ય રીતે જોડકાં

(અ)		(બ)
1) ચોમાસામાં સૃષ્ટિ સૌંદર્ય	-	ગિજુભાઈ બધેકા
2) નામનો મોહ છૂટ્યો	-	ધૂમકેતુ
3) લીમડો ભાલી નો રહી	-	જોરાવરસિંહ જાદવ
4) પર્વત તારા	-	સુરેશ દલાલ

પ્રશ્ન-૨ (અ) મુદ્દાસર જવાબ (ગમે તે ત્રણ) (06)

1) આ પ્રકૃતિમાં કોનાં દર્શન કરે છે?

જવાબ- કવિ સુરેશ દલાલ પ્રસ્તુત પ્રાર્થનામાં અત્ર-તત્ર-અર્થાત સર્વત્રમાં માત્રને માત્ર ઈશ્વર (ભગવાન) ના દર્શન કરે છે.

૨) ગુજરાત ની ગરવી કેમ કહી છે?

જવાબ- ગુજરાત નો વિશાળ દરિયાકિનારો, મોટી નદીઓ, પ્રસિદ્ધ યાત્રાધામો, અમૂલ્ય બંદરો, સંસ્કૃતિને ઘડનાર અનેક સંતો, લેખકો અને કવિઓ સ્વાતંત્ર્ય સેનાનીઓ, સમાજસેવકો, સાહસિક વેપારીઓ, સમૃદ્ધ ખેતીવાડી વગેરે બાબતો હોવાથી કવિઓએ ગુજરાતને ગરવી ગુજરાત કહ્યું છે.

3) કાવ્યમાં મીરાંબાઈ એ ક્યાં-ક્યાં દુઃખ દર્શાવ્યા છે?

જવાબ- કાવ્યમાં કવિયત્રી મીરાંબાઈ એ કેટલાક દુઃખ આ મુજબ જણાવ્યા છે માગણ- વિઠ્ઠલની ચાકર- ક્યારેક જંગલમાં તો- કોઈ દિવસ મહેલમાં રહેવું- ક્યારેક- સાદા કપડા નું પહેરણ- ક્યારે- જમીન પર સૂવું એવાં પ્રતિકો સમાન સુખ-દુઃખ નું વર્ણન કરવામાં આવ્યું છે.

4) કવિએ પ્રેમભક્તિની વાત શીખવાનું કેમ કહ્યું છે?

જવાબ- પ્રેમ અને ભક્તિ એ ગુજરાત ની ગૌરવગાથાનાં પાયાનાં તત્ત્વો છે. એના થકી જ ગુજરાત ગૌરવવંતુ છે, આપણે એ ગૌરવને જાળવવા માટે પરસ્પર પ્રેમ અને ભક્તિથી આગળ વધવું જોઈએ એ ભવ્ય વાત શીખવી જોઈએ.

(બ) ખોટો વિકલ્પ કાઢીને સાચો વિકલ્પ લખી વાક્ય ફરીથી લખો (05)

1) કર્યું.
૨) કર્યો.
3) કરી.
4) મેળવી.
5) પડશે.

(ક) સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા. (05)

1) ઘર મધુરી .
૨) કાગડા .
3) ~~[illegible]~~ ભારતમાં
4) સોરઠની .
5) ચાકર .

(ડ) કાવ્યપંક્તિ પૂર્ણ (04)

રામ રાખે તેમ રહીએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ. ઓધવજી.
આપણે ચિઠ્ઠીના ચાકર છઈએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ. ઓધવજી.

કોઈ દિન રહેવાને બાગબગીચા,
તો કોઈ દિન જંગલ રહીએ, આધિવણ.

પ્રશ્ન-3 (અ) કોણ- કોને કહે છે. (04)

1) કબૂતરી
2) છોટુના પિતા (પપ્પા)
3) બન્ની બકરી
4) વાચક

(બ) સૂચના મુજબ : (16)

1) સમાનાર્થી શબ્દ 'સૂર' - અવાજ (A) (01)
2) સમાનાર્થી શબ્દ 'કજિયો' - કકળાટ (B) (01)
3) વિરોધી શબ્દ 'દિવસ' - રાત (C) (01)
4) વિરોધી શબ્દ 'ન્યાય' - અન્યાય (A) (01)
5) રૂઢિપ્રયોગ - 'ઊભી પૂંછડીએ ભાગવું' - જીવ લઈને ભાગવું (B) (01)
6) રૂઢિપ્રયોગ - 'બે પાંદડે થવું' - સુખી-સંપન્ન થવું (A) (01)
7) શબ્દસમૂહ - 'ગિરિને ધારણ કરનાર' - ગિરિધર (B) (01)
8) શબ્દસમૂહ - વાદળાંની ગર્જના અને વીજળી' - ગાજવીજ (A) (01)
9) નામપદ - મોહનથાળ (C) (01)
10) નામપદ - આદિત્ય (A) (01)
11) ક્રિયાવિશેષણ - બેઠાં-બેઠાં (B) (01)
12) ક્રિયાવિશેષણ - બિલ્લીપગે (C) (01)
13) વિશેષણ - ઠંડું (C) (01)
14) વિશેષ્ય - પેન્સિલ (C) (01)
15) સંજ્ઞા - વ્યક્તિવાચક (A) (01)
16) સંજ્ઞા - સમૂહવાચક (B) (01)

પ્રશ્ન-4 (અ) કોઈ પણ એક વિષય પર નિબંધ (08)

1) વર્ષાઋતુ :-

ઉનાળો પૂરો થાય પછી વર્ષાઋતુ આવે છે. આકાશમાં કાળાં કાળાં વાદળો છવાઈ જાય છે. વાદળોના ગડગડાટ, વીજળીના ચમકારા અને પવનના સુસવાટા સાથે મેઘરાજાની સવારી આવી પહોંચે છે. મુશળધાર વરસાદ તૂટી પડે છે ચારે બાજુ પાણી-પાણી થઈ જાય છે. લોકો ખુશખુશાલ થઈ જાય છે બાળકો પાણીમાં છબછબિયાં કરવા માટે ઘરની બહાર દોડી જાય છે. મોર કળા કરીને નાચે છે દેડકાં 'ડ્રાંઉં....' 'ડ્રાંઉં'.... કરતાં કૂદા-કૂદ કરે છે ચારે બાજુ ભીની માટીની સુગંધ ફેલાઈ જાય છે વૃક્ષો ખીલી ઊઠે છે. કેટલાક લોકો છત્રી ઓઢીને કે રેઇનકોટ પહેરીને ફરવા નીકળે છે વાતા-વરણમાં નવી તાજગી અને ઠંડક જોવા મળે છે.

વરસાદ શરૂ થતાં ખેડૂતો રાજી-રાજી થઈ જાય છે. તેઓ ખેતર ખેડે છે અને વાવણી કરે છે. થોડા દિવસો પછી ખેતરોમાં અનાજના છોડ ઊગે છે. ચોમેર લીલુંછમ ઘાસ ઊગી નીકળે છે. તેનાથી ધરતીમાતાએ લીલી સાડી પહેરી હોય એવું લાગે છે. કૂવા, તળાવ, નદી અને નાળાંમાં વરસાદનું નવું પાણી આવે છે. ૬૨

જરૂર કરતાં વધારે વરસાદ પડે તેને 'અતિવૃષ્ટિ' કહે છે. અતિવૃષ્ટિ થાય ત્યારે નદીનાળાં છલકાઈ જાય છે. ખેતરોનો પાક ધોવાઈ જાય છે. ઠેર-ઠેર ક્યાંક મકાનો પડી જાય છે. ઘરવખરી અને ઢોરઢાંખર પાણીમાં તણાઈ જાય છે. તેને 'લીલો દુકાળ' પણ કહે છે. વરસાદ સાવ ઓછો પડે તો અનાજ પાકતું નથી, ઘાસ ઊગતું નથી. ઠામ ઠામ જળાશયોનાં પાણી સુકાવા માંડે છે. તેને 'સૂકો દુકાળ' કે અનાવૃષ્ટિ કહે છે.

વર્ષાઋતુ એ તહેવારોની ઉજવણીની તથા વાવણીની ઋતુ છે. વર્ષાઋતુમાં રક્ષાબંધન, નાગપાંચમ, શીતળા સાતમ, જન્માષ્ટમી, ગણેશચતુર્થી, નવરાત્રિ અને દિવાળી જેવાં પર્વો આવે છે. લોકો આનંદ અને ઉલ્લાસથી આ તહેવારો ઊજવે છે.

વર્ષાઋતુ પ્રાણીમાત્રના જીવનનો આધાર છે. તેથી જ લોકો એનાં ગુણગાન ગાય છે. વર્ષાઋતુ 'ઋતુઓની રાણી' કહેવાય છે.

⟹ ૨) <u>મારું ગુજરાત</u>

" જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પ્રભાત... "

ઉપરની કાવ્યપંક્તિ વાંચતાં જ આપણા હૈયામાં ગુજરાત પ્રત્યેનો પ્રેમ ઊભરાઈ જાય છે.

ગુજરાત ભારતની પશ્ચિમે આવેલું એક સમૃદ્ધ રાજ્ય છે. ગુજરાતની પશ્ચિમે અરબી સમુદ્ર, ઉત્તરે રાજસ્થાન, પૂર્વે મધ્યપ્રદેશ અને દક્ષિણે મહારાષ્ટ્ર આવેલાં છે. ગુજરાતની ધરતી પર નર્મદા, તાપી, મહી, સાબરમતી જેવી મોટી-મોટી નદીઓ વહે છે. ગુજરાતની સમૃદ્ધિમાં આ નદીઓનો મોટો ફાળો છે. ગિરનાર, પાવાગઢ, ચોટીલા, શેત્રુંજય જેવાં પર્વતોથી ગુજરાત રળિયામણું લાગે છે. ગુજરાતમાં સોમનાથ, દ્વારકા, પાલિતાણા, અંબાજી, વડતાલ અને ડાકોર જેવાં પ્રસિદ્ધ યાત્રાધામો આવેલાં છે. અહીં દર વર્ષે લાખો યાત્રાળુઓ (લોકો) દર્શન કરવા આવે છે. ગુજરાતને વિશાળ દરિયાકિનારો મળ્યો છે. તેના કિનારે કંડલા, વેરાવળ, ઓખા, માંડવી જેવાં સમૃદ્ધ બંદરો આવેલાં છે. ગુજરાતનાં ઉભરાટ, તીથલ, ડુમ્મસ, સાપુતારા અને ચોરવાડ જેવાં પ્રવાસધામો પ્રવાસીઓને આકર્ષે છે.

ગુજરાતની સંસ્કૃતિના ઘડતરમાં અનેક સંતો, લેખકો અને કવિઓનો ફાળો છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો, દયારામ, નર્મદ, કલાપી, મેઘાણી, કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોષી, સુન્દરમ્, ગિજુભાઈ વગેરે સંતો અને સાહિત્યકારોએ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. ગાંધીજી અને સરદાર પટેલ જેવા મહાપુરુષોએ આપણા દેશને આઝાદી અપાવી છે. ઠક્કરબાપા અને રવિશંકર મહારાજ જેવા સમાજસેવકો ગુજરાતની ભૂમિનાં નરરત્નો છે.

ગુજરાતીઓ સાહસિક વેપારીઓ છે. પ્રાચીન કાળથી જ ગુજરાતી વેપારીઓ પરદેશ સાથે વેપાર ખેડતા રહ્યા છે.

આઝાદી પછી ગુજરાતે પ્રગતિની હરણફાળ ભરી છે. ખેતીવાડી, શિક્ષણ, વાહન વ્યવહાર, ઉદ્યોગો વગેરે ક્ષેત્રોમાં તેણે ઘણો વિકાસ સાધ્યો છે.

ગુજરાતની પ્રજા વીર, ધીર, શાંત અને પ્રેમાળ છે.

આવી પવિત્ર અને સમૃદ્ધ ભૂમિનું સંતાન હોવાનો મને ગર્વ છે.

→ દિવાળી

'દિવાળી આવી, દિવાળી આવી;
નવા વરસની વધાઈ લાવી.'

દિવાળી એટલે સાફસફાઈ, આનંદઉલ્લાસ, ફટાકડા અને પ્રકાશનો તહેવાર.

આસો મહિનાની શરૂઆતથી જ લોકો દિવાળીની તૈયારીઓ કરવા માંડે છે. લોકો ઘરની સફાઈ કરે. દીવાલો અને બારીબારણાંને રંગ-રોગાન કરાવે છે. લોકો કપડાં, ફટાકડા, મીઠાઈઓ અને સુશોભનની વસ્તુઓની ખરીદી કરે છે. બજારમાં દુકાનો રોશનીથી ઝગમગી ઊઠે છે.

દિવાળીનો તહેવાર પાંચ દિવસ ચાલે છે: ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ. ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. કાળીચૌદસના દિવસે કાલિકામાતાનું પૂજન થાય છે. દિવાળીના દિવસે વેપારીઓ ચોપડાપૂજન કરે છે. બેસતા વર્ષના દિવસે લોકો દેવમંદિરે દર્શન કરવા જાય છે. પોતાનાં સગાંવહાલાં અને મિત્રોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. ભાઈબીજના દિવસે ભાઈ બહેનને ઘેર જાય છે. બહેન ભાઈને પ્રેમથી જમાડે અને ભાઈ બહેનને ભેટ આપે છે.

દિવાળીના દિવસોમાં બાળકો બહુ ખુશખુશાલ હોય છે. તેઓ ફટાકડા ફોડીને અને નવાં કપડાં પહેરીને આનંદ માણે છે. લોકો દીવાઓ અને વીજળીનાં તોરણોથી ઘર શણગારે છે. બહેનો આંગણામાં રંગોળી અને સાથિયા પૂરે છે.

'દિવાળીના દિવસમાં, ઘરઘર દીવા થાય;
ફટાકડા તો ફટફટ ફૂટે, બાળક સૌ હરખાય!'

દિવાળીમાં જેમ ઘરની સફાઈ થાય છે તેમ આપણે આપણા મનની સફાઈ પણ કરવી જોઈએ. કોઈની સાથે મનદુઃખ થયું હોય તો આપણે તે ભૂલી જઈએ. 'માફ કરો અને ભૂલી જાઓ'ની ભાવના વિકસાવવાનો અને અંતરના અંધકારને દૂર કરવાનો આ તહેવાર છે.

દિવાળી સૌને બહુ આનંદ આપે છે. તેથી તે 'તહેવારોનો રાજા' છે.

(બ) મુદ્દા પરથી વાર્તા (૦૫)

મગર અને વાંદરો

એક સરોવર હતું. સરોવરને કિનારે ઘણાં બધાં વૃક્ષો અને મોટાં-મોટાં તોતિંગ ઝાડની વનરાઈ હતી. આ સરોવરને કિનારે એક જાંબુનું ઝાડ પણ હતું. આ જાંબુના ઝાડ પર એક વાંદરો રહેતો હતો. સરોવરમાં મગર પણ રહેતો હતો. વાંદરો જાંબુના ઝાડ પર આવેલ જાંબુ ખાય અને કેટલાંક નીચે સરોવરમાં પડે મગર તે ખાય. જેથી મગર અને વાંદરાની એક પાકી મિત્રતા બંધાઈ ગઈ હતી. જ્યારે-જ્યારે જાંબુની સિઝન આવે ત્યારે-ત્યારે વાંદરો મગરને

આ જાંબુનો સ્વાદ કરાવતી હતી.

એક વખત મગરને વિચાર આવ્યો કે લાવ. મારી મગરી માટે થોડાં જાંબુ લઈ જાઉં તેથી તેણે વાંદરાને કહ્યું કે તારી ભાભી માટે થોડા જાંબુ આપને ત્યારે વાંદરાએ તેને આપ્યાં. મગર તે લઈને મગરીને આપ્યાં. મગરીએ જાંબુ ખાધા પછી તેને વિચાર આવ્યો કે જાંબુ આટલા મીઠાં જરૂર છે તો વાંદરાનું કાળજું કેટલું મીઠું હશે. તેથી તેણે મગરને વાંદરાનું કાળજું લાવવા કહ્યું આથી મગરે યુક્તિ વાપરી કે તારી ભાભી અર્થાત્ મગરી તને મળવા બોલાવે છે એમ કહીને તે વાંદરાને પોતાની પીઠ પર બેસાડીને સરોવરમાં તે રહેતા ત્યાં જાય છે. રસ્તામાં તેણે કહ્યું કે તારી ભાભી અર્થાત્ મારી પત્ની તારું કાળજું ખાવા માગે છે. ત્યારે વાંદરાએ કહ્યું કે તમે પહેલાંથી કહ્યું હોત તો હું તે લઈને આવત. પરંતુ મેં તો તે ઝાડની બખોલમાં મૂક્યું છે.

આથી તેઓ પાછા કિનારે આવે છે. વાંદરો ઝાડ પર જઈને મગરને કહે છે કે અરે! મૂર્ખ કંઈ કાળજું તે ઝાડ પર રખાય. ના રખાય. તો જાવ [illegible]. આમ લોભી-લુચ્ચા. અને ભરોસો ન કરવા જેવા પર ક્યારેય પણ આવો વિશ્વાસ - રાખ સ્વાર્થ મિત્રતા ન દાખવવી જોઈએ.

(ક) ફકરા પરથી પૂછેલા પ્રશ્નોના જવાબ. (04)

1) મીરાંબાઈ 500 વર્ષ પૂર્વે થઈ ગયાં.
2) મીરાંબાઈનો જન્મ મેડતાની બાજુના કૂડકી ગામમાં થયો હતો.
3) મીરાંબાઈ શ્રી કૃષ્ણની ભક્તિમાં રંગાયેલાં હતાં.
4) કારણ કે તેમણે વ્રજભાષા, મારવાડી ભાષા તેમજ ગુજરાતી ભાષામાં ઘણી રચનાઓ કરેલ હોવાને કારણે બહુભાષીય કવયિત્રી કહી શકાય.

(ડ) ઘટનાક્રમ અનુસાર વાક્યો. (04)

1) લિચ્છુ પાયક મનમાં મૂંઝાય.
2) માણસનાં નામ કેવાં સુંદર હોય છે.
3) "ભગતો સાચા છે, ભગવાન! પણ આપ જ મને કોઈ આવું નામ આપો".
4) "કેમ લિચ્છુ! કોઈ સારું યોગ્ય નામ તને મળ્યું?"

=o=

અ.બ. પરીખ ઉચ્ચ પ્રાથમિક વિભાગ ખેતીવાડી આણંદ

રાજુભાઈ શી. તળપદા

મો. ૯૮૩૨૩૫૯૧૩૨